# મોડેલ ખેતી કરાર – કેળાં

આ ખેતી કરાર ("કરાર") ........................................................................................ દ્વારા અને તેમની વચ્ચે કરવામાં આવે છે જેઓ

.................................... ખાતે તેમની ઑફિસ ધરાવે છે (હવે પછી અહીં "**કંપની**" તરીકે સંદર્ભિત કરવામાં આવ્યા છે.)

**અને**

**ખેડૂતનું નામ**
**સરનામું**

(હવે પછી અહીં "**ખેડૂત**" તરીકે સંદર્ભિત કરવામાં આવ્યાં છે.)

(ખેડૂત અને કંપની દરેકને હવે પછી અહીં વ્યક્તિગત રીતે **"પક્ષકાર"** તરીકે સંદર્ભિત કરવામાં આવ્યાં છે, અને સંયુક્ત રીતે તેઓને **"પક્ષકાર"** તરીકે સંદર્ભિત કરવામાં આવ્યાં છે)

**આમુખ**

**જ્યારે,** કંપની ભારતમાં/ માંથી વિશ્વ કક્ષાના ફળો ઉત્પન્ન કરવા માટે અદ્યતન તકનીકી અને ઉત્પાદન તકનીકો રજૂ કરવા માટે ખેડૂતો સાથે કાર્ય કરવા પર પોતાનું ધ્યાન કેન્દ્રીત કરે છે.

**જ્યારે**, ખેડૂત શ્રી/ શ્રીમતી/ કુ. ______________ , ________________________________ ના પુત્ર/ પુત્રી/ પત્નિ, ગામ____________________તાલુકા ______________જિલ્લા ________ રાજ્ય_________________(ભારત) ના રહેવાસી ખેતીલાયક જમીન ધરાવે છે જેનો સર્વે નંબર(રો) ___________________________________________, ગામ____________________તાલુકો_____________________________ જિલ્લો_ ____________________________રાજ્ય_______________________(ભારત ), જમીન ધરાવે છે જેનું ક્ષેત્રફળ અને માપ _____________________ એકર છે, જેઓ ઉપરોક્ત જમીનમાં કેળાની ખેતી કરવામાં રસ ધરાવે છે અને ઈચ્છા રાખે છે કે કંપની તેમને/ તેણીને ગુણવત્તાયુક્ત કેળાના ફળના ઉત્પાદનમાં માર્ગદર્શન પુરું પાડે અને તેમના/ તેણીના ઉત્પાદનના માર્કેટિંગમાં સમર્થન પુરું પાડે.

**હવે, તેથી, અહીં રહેલા પક્ષકારો નીચે પ્રમાણે સંમત થાય છે:**

## 1. વ્યાખ્યાયો

**1.1** **કરારનો** અર્થ ફક્ત કેળાંના ઉત્પાદન અને ખરીદી માટેનો કરાર રહેશે.

1.2 **"કેળા"** નો અર્થ કેળાની કેવેન્ડિશ વેરાયટી**,** ગ્રાન્ડ નાઈન (જી9) અથવા અન્ય કોઈપણ વેરાયટી જેને કંપની ખેતી માટે યોગ્ય સમજે અને એ રીતે અહીં જણાવેલી મુદત દરમિયાન સમયાંતરે ખેડૂતોને લેખિતમાં જાણ કરે**,** એમ કરવાનો રહેશે.

1.3 **પક્ષકારો**નો અર્થ ખેડૂત અને કમ્પની અને **પક્ષકાર**નો અર્થ ખેડૂત અથવા કંપનીમાંથી કોઈપણ એક કરવાનો રહેશે.

1.4 **ઉત્પાદન**નો અર્થ કેળાનું ફળ છે જે લણણી માટે તૈયાર છે અથવા આ કરારમાં સ્પષ્ટ કરવામાં આવેલ જમીનમાંથી લણવામાં આવેલ છે તેમ કરવાનો રહેશે.

1.5 **"વિતરણનું બિંદુ"** એ જમીનને એવા સ્થળ તરીકે સંદર્ભિત કરશે જ્યાં ખેડૂત દ્વારા કેળાની લણણી કરવાનો રહેશે.

1.6 **પરિયોજના**નો અર્થ વર્તમાન કરાર હેઠળ ખેડૂતો દ્વારા હાથ ધરવામાં આવતું કૃષિકાર્ય અને તેમાં વર્તમાન કરારની શરતો મુજબ ઉત્પાદનને ખરીદવાની કંપનીની બાંહેધરીનો સમાવેશ કરવાનો રહેશે.

1.7 "**મહત્તમ શેષ ભાગ મર્યાદા**" નો અર્થ કેળાના પરીક્ષણ દરમિયાન મળી આવતા રસાયણ અવશેષ સ્તર ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ દ્વારા અથવા ભારતના અન્ય કોઈ વૈધાનિક ધોરણ દ્વારા સૂચવવામાં આવેલ સ્તર મુજબ અને નિકાસના કિસ્સામાં એ વિસ્તાર કે જ્યાં કેળાંનું વિતરણ વેચાણ દ્વારા કરવામાં આવનાર હોય ત્યાંના બજાર દ્વારા સુયોજિત કરવામાં આવેલ મહત્તમ ધોરણ કરતાં વધુ ન હોવું જોઈએ એમ કરવાનો રહેશે.

1.8 **"કાપવાનો હુકમ"** એટલે નીચેની બાબતોને સ્પષ્ટ કરતી કંપનીની લેખિત સૂચનાઓ એવો અર્થ કરવાનો રહેશે:

a. કેળાની લણણી/ કાપવાની તારીખ અને સમય;

b. કેળાંનો ગ્રેડ અને વય.

1.9 **અસ્વીકાર** એ કેળાઓનો સંદર્ભ કરશે**,** જે **જોડાણ ડી**માં**,** અહીં કંપની દ્વારા નક્કી કરવામાં આવેલ ધોરણોને પૂરાં પાડવામાં નિષ્ફળ જાય છે.

1.10 **"અટકાવવાનો હુકમ"** નો અર્થ કંપનીને ડીલિવરી માટે રાખેલા કેળાઓની લણણીને તાબડતોબ બંધ કરવા માટે કોઈપણ સમય પર ખેડૂતોને જારી કરવામાં આવતી કંપનીની લેખિત સૂચનાઓ અથવા (અગાઉ જારી કરવામાં આવેલ કાપવાના હુકમ પછી) કંપની દ્વારા સૂચવવામાં આવેલ જાણકારી/ સૂચનાઓનું ખેડૂત દ્વારા કરવામાં આવતા બિન-અનુપાલન વિશે જાણ થતાં અથવા અહીં જોડાણ **'સી'** માં સુયોજિત કરવામાં આવેલ લાલ દર નિર્ધારણને જારી કરવામાં આવ્યાં પછી લણણીના સુધીના કોઈપણ સમય બિંદુ પર કંપની દ્વારા જારી કરવામાં આવી શકે તેવી સૂચનાઓ કરવાનો રહેશે.

1.11 કંપની અથવા નિગમ નું **"વાઈન્ડિંગ-અપ",** "**વિસર્જન**", "**નાદારી**", અથવા "**પુનર્ગઠન**" નક્કી કરવાના રહેશે જેથી જેમાં આવી કંપની અથવા નિગમને સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે તેવાં કાયદાના અધિકારક્ષેત્ર હેઠળ કોઈપણ સમકક્ષ અથવા સરખી કાર્યવાહીનો સમાવેશ કરી શકાય અથવા કોઈપણ અધિકારક્ષેત્ર જેમાં આવી કંપની અથવા નિગમ કારોબાર ચલાવવા સહિત ફળચા, વાઈન્ડિંગ-અપ, પુનર્ગઠન, વિસર્જન, વ્યવસ્થા, સંરક્ષણ અથવા લેણદારોની રાહત

ઇચ્છતા હોય, તેનો સમાવેશ કરવામાં આવે.

## 2. કરારની અવધિ

**2.1** આ કરાર તારીખ ____________________થી અમલી બનશે.

**2.2** પક્ષકારો સંમત થાય છે કે તેઓ એક પાક મોસમની અવધિ સહિત પ્રક્રિયાના સમયગાળા, ઘરેલૂ બજારમાં વેચાણ અથવા આંતરરાષ્ટ્રીય રીતે નિકાસ માટેના સમયગાળા માટે સાથે મળીને કામ કરશે. ખેડૂતે એ ખાતરી કરવાની રહેશે કે તેઓ/ તેણી કેળાના વાવેતર અને ઉત્પાદન માટે જમીનને સમર્પિત કરશે અને કરારની આવી અવધિ દરમિયાન સ્થાયી ધોરણે કંપની સાથે કામ કરવાનું ચાલુ રાખશે.

**2.3** પક્ષકારો એ બાબતે પણ સંમત થાય છે કે તેઓએ કરારના અમલની તારીખથી પ્રથમ લણણી માટે સાથે મળીને કામ કરવાનું રહેશે. આ અનુભવને આધારે બન્ને પક્ષકારોએ કરારને આગામી વર્ષ માટે ચાલુ રાખવા કે ચાલુ નહિં રાખવા માટે પરસ્પર રીતે નક્કી કરવાનું રહેશે.

**2.4** કરારને પક્ષકારો દ્વારા અન્ય પાક મોસમ માટે પરસ્પર સમજૂતીથી વિસ્તારવામાં આવે તેમ બની શકે છે.

## 3. ખેત ઉત્પાદનનું વિવરણ

આ કરાર ફક્ત કેળાના ફળ કેવેન્ડિશ વેરાયટી, ગ્રાંડ નાઇન (જી9) અથવા ખેતી માટે કંપની પોતાની મુનસફી પર યોગ્ય સમજે તેવી અન્ય કોઇ વેરાયટી સુધી જ મર્યાદિત રહેશે.

## 4. ગુણવત્તા સ્પષ્ટીકરણ

**4.1** કેળાના એ ફળ જે માત્ર જોડાણ 'ડી'માં ઉલ્લેખિત ગુણવત્તાના સ્પષ્ટીકરણોને પૂરા પાડતાં હશે તેનો જ સ્વીકાર કરવાનો રહેશે. ફાટી ગયેલા, નુકસાનયુક્ત, વધુ પાકેલા અને અયોગ્ય ત્વચા રંગ ધરાવતા ફળોને સ્વીકારવામાં આવશે નહિં.

**4.2** સૂર્યપ્રકાશથી અસર પામેલ કેળાના ફળ સ્વીકાર્ય રહેશે નહિં.

**4.3** બધા જ ઉત્પાદનો, જે જોડાણ 'ડી'માં ઉલ્લેખિત માપદંડોને પૂરા ન પાડતાં હોય તેને સ્વીકારવામાં આવશે નહિં.

## 5. ભૂમિકાઓ અને જવાબદારીઓ

**5.1** ખેડૂત જોડાણ 'ડી' માં ઉલ્લેખિત કંપનીની ગુણવત્તાની વિશિષ્ટતાઓ અનુસાર આમુખમાં ઉલ્લેખિત જમીન પર કેળા ઉગાડવા અને કાપવા માટે સંમત થાય છે. કેળાના છોડની વાવણી માટે બનાના ટિશ્યુ કલ્ચર પ્લાન્ટ કંપનીના કોઈપણ દખલ વિના ખેડૂતના સંપૂર્ણ મુનસફી પર ખરીદવામાં આવશે.

**5.2** ખેડૂત કંપની અથવા તેના તકનીકી સેવા પ્રદાતા દ્વારા સૂચવવામાં આવેલી તકનીકી અને ઉત્પાદન પ્રણાલીનું પાલન કરશે અને તેને વળગી રહેશે, જેમાં કંપની અથવા તેના તકનીકી સેવા પ્રદાતા દ્વારા ભલામણ કરવામાં આવતી સામગ્રી અને

રસાયણોના ઉપયોગનું પાલન અને કાયદા દ્વારા જરૂરી સલામતી ઉપકરણોના ઉપયોગનો સમાવેશ થાય છે. કંપની આવા સ્પષ્ટીકરણો અને કામગીરીઓને લેખિતમાં ખેડૂતને સ્પષ્ટ કરશે. આવા સ્પષ્ટીકરણોમાં પરિયોજનાના ક્રમ દરમિયાન ફેરફાર કરવામાં આવે તેમ બની શકે છે.

**5.3** ખેડૂતને તેમના/ તેણીના પોતાના ખર્ચે અને જોખમે, તમામ પરિયોજના વિકાસ, પાકની કાપણી અને લણણીની પ્રવૃત્તિઓ સહિતની પ્રવૃત્તિઓ કરવી જરૂરી છે, પરંતુ તે, પ્રવૃત્તિઓ, દા.ત. જમીન વિકાસ, માળખાગત વિકાસ, વાવેતરની ગુણવત્તાયુક્ત સામગ્રી અને વાવેતરની વ્યવસ્થા, છોડની સંભાળની પ્રવૃત્તિઓ, ફળની સંભાળની પ્રવૃત્તિઓ, ખાતર અને પોષણની વ્યવસ્થા, ટપક સિંચાઇ સ્થાપન અને વ્યવસ્થાપન, સિંચાઈ માટે પાણીની વ્યવસ્થા, નીંદણ નિયંત્રણ અને વ્યવસ્થાપન, સ્વચ્છતા, રોગ અને જીવાત સંચાલન, લણનણી અને કોઈપણ અન્ય કામગીરી જે ગુણવત્તાયુક્ત ઉત્પાદન માટે જ્યારે અને જે રીતે જરૂરી હોય તેના સુધી મર્યાદિત નથી.

**5.4** ખેડૂતે કંપનીના પ્રતિનિધિના નિરીક્ષણ હેઠળ સકરની પસંદગી હાથ ધરવા માટે તેમના/ તેણીના ખર્ચે મજૂરો અને જરૂરી સાધનોની ગોઠવણ કરવાની રહેશે.

**5.5** જોકે, કંપની તેના ખર્ચે કેળાના ખેતરમાં મજૂરોની પ્રત્યક્ષ સામેલગીરી દ્વારા અથવા ફળ સંભાળ પ્રવૃત્તિઓના અમલ માટે કેટલીક એજન્સીઓ દ્વારા ફળની સંભાળ પ્રવૃત્તિઓ જેવી કે બડ ઈન્જેક્શન, બંચ સ્પ્રે, ડીફ્લાવરિંગ, ફળના અવરોધોને દૂર કરવા, ખોટા હાથને દૂર કરવા, રિબન ટેગિંગ અને બંચ બેગિંગના અમલીકરણ (મજૂર ખર્ચ અને ફળ સંભાળ સામગ્રીના ખર્ચ સહિત દા.ત. બડ ઈન્જેક્શન, બંચ છંટકાવો માટે જરૂરી રસાયણો, બંચ સ્કર્ટિંગ બેગ, રિબન અને સ્પ્રે પમ્પ વિગેરે) માટે મજૂરોની વ્યવસ્થા કરશે પરંતુ ખેડૂત પણ સમયસર જરૂરી મજૂરોની વ્યવસ્થા કરવા માટે અને સમયસર ફળ સંભાળ પ્રવૃત્તિઓના અમલીકરણ માટે જવાબદાર રહેશે. ફળ સંભાળ પ્રવૃત્તિઓ માટે જરૂરી સામગ્રીના બધા જ ખર્ચ અને મજૂરોનો ચાર્જ કંપની દ્વારા પૂરો પાડવામાં આવે તેમ બની શકે છે અથવા તે માટેની નાણાકીય સહાય સરકાર દ્વારા પ્રદાન કરવામાં આવે તેમ બની શકે છે અથવા પેશગી તરીકે કંપની દ્વારા પૂરા પાડવામાં આવે તેમ બની શકે છે અથવા સંમત થયા મુજબની શરતો અનુસાર ખેડૂત દ્વારા ઉપાડવામાં આવી શકે છે.

**5.6** બધા ઝૂમખાઓને સીધા સૂર્યપ્રકાશના સંસર્ગમાં આવવાથી બચાવવા માટે છાપાથી વિંટાડવાનો ખર્ચ ખેડૂતના તેમના/ તેણીના પોતાના દ્વારા કરવાનો રહેશે.

**5.7** ખેડૂત ટિપ ઓવર થતું ટાળવા માટે ઝૂમખાને આધાર પૂરો પાડવા માટે તેમના/ તેણીના પોતાના ખર્ચે યોગ્ય પ્રોપિંગ અને ગુઈંગ માટે સમયસર રીતે સુનિશ્ચિત કરશે.

**5.8** ખેડૂત તેમના/ તેણીના સ્વખર્ચે પાક વીમો લે તેમ બની શકે છે.

**5.9** ખેડૂતે જમીન, પાન અને પાણીનું વિશ્લેષણ તેમના/ તેણીના સ્વખર્ચે કરાવવાનું રહેશે.

**5.10** ખેડૂતે વૈશ્વિક જી.એ.પી પ્રમાણીકરણ માટે જરૂરી બધી જ પ્રવૃત્તિઓ પૂર્ણ કરવાની રહેશે (જો કોઈ હોય તો).

**5.11** ખેડૂત કંપનીના પ્રતિનિધિ (જો જરૂરી હોય તો) ની દેખરેખ હેઠળ કેળાના ફળની ગ્રાહ્ય મર્યાદાની અંદર અવશેષો માટેની તમામ જરૂરી સાવચેતી રાખશે.

**5.12** ઉત્પાદન પછી, કંપની તેના પોતાના ખર્ચે, ગુણવત્તાના ધોરણોનું પાલન કરવા કેળાના ઉત્પાદનની તપાસ કરે તેમ બની શકે છે.

**5.13** કંપનીએ, તેના પોતાના ખર્ચે અને જોખમે, લણણી પછીની તમામ પ્રવૃત્તિઓ હાથ ધરવી જરૂરી છે સિવાય કે અન્યથા સંમત થયા હોય છે તેના સહિત, પરંતુ નીચેની પ્રવૃત્તિઓ સુધી મર્યાદિત ન હોય:

5.13.1 ખેતર સ્તરે સોર્ટિંગ/ ગ્રેડિંગ/ પેકિંગ

5.13.2 મધ્યસ્થ વિતરણ કેન્દ્ર સુધી ઉત્પાદનનું પરિવહન

5.13.3 પ્રી-કૂલિંગ અને કોલ્ડ સ્ટોરેજ કામગીરીઓ

5.13.4 હાઉસ કામગીરીઓ

5.13.5 નિકાસ અને ઘરેલુ વેચાણો

**5.14** કંપનીએ ગુણવત્તાયુક્ત ઉત્પાદન માટે ખેડુતોને માર્ગદર્શન આપવા માટે કેળાના ઉત્પાદનમાં અનુભવ ધરાવતા તકનીકી વ્યકિતની વ્યવસ્થા કરવાની રહેશે.

**5.15** કંપનીએ પરિયોજનામાં સંબંધિત સંકળાયેલા પાત્રતા ધરાવતા ખેડૂતોને સરકારી જોગવાઈઓ/ ધારાધોરણો મુજબ સમયાંતરે પરિયોજનામાં જુદી-જુદી પ્રવૃત્તિઓમાં નાણાકીય સહાય પૂરી પાડવા માટે ખેડૂતોને સુવિધાયુક્ત બનાવવા માટે સંબંધિત સરકારના બાગાયતી વિભાગની સાથે સંકલન કરવાનું રહેશે. ખેડૂતોએ પણ નાણાકીય સહાય મેળવવા માટે સમયસર જરૂરી યોગ્ય દસ્તાવેજો પૂરા પાડવાના રહેશે.

**5.16** કંપની દ્વારા રાજ્ય/ કેંદ્ર સરકાર સાથેના સંકલનમાં અથવા કંપનીના ખર્ચે તાલીમો, સંપર્ક મુલાકાતો અને નિદર્શનો આયોજિત કરવામાં આવે તેમ બની શકે છે.

**5.17** આ કરારમાં અન્યત્ર ક્યાંય પણ ઉલ્લેખિત કરેલી કોઈપણ વસ્તુ હોય તો પણ, કંપની દ્વારા સ્વીકાર કરવામાં આવ્યાં પશ્ચાત ખેડૂત કોઈપણ હાનિ અથવા નુકસાન માટેની કોઈ જવાબદારી લેશે નહિં અને લણણી-પશ્ચાતની પ્રવૃત્તિઓ, વેચાણ અને લૉજિસ્ટિક્સ માટેના તમામ ખર્ચ અને જોખમો માટે કંપની એકલી જવાબદાર રહેશે.

**5.18** કેળાના ઉત્પાદન, ઉત્પાદન સ્થળ, અસ્કયામતોને કોઈપણ હાનિ અથવા નુકસાન, અને તેના દ્વારા આપૂર્તિ કરવામાં આવેલ નિવેશોના કોઈપણ કાયદાકીય પરિણામો માટે સામાન્ય રીતે કંપની જવાબદાર રહેશે.

## 6. પાકની ડીલિવરી

**6.1** લણણી હંમેશા ખેડૂત અને કંપની વચ્ચે પરસ્પર સાધવામાં આવેલ સંમતિ કાર્યક્રમ મુજબ હાથ ધરવામાં આવશે. લણણી કંપનીના અધિકૃત પ્રતિનિધિની હાજરીમાં હાથ ધરવાની રહેશે. ખેડૂત અહીં જણાવેલી મુદત દરમિયાન કોઈપણ સમયે, તેમની/ તેણીની પોતાની રીતે અથવા અન્ય કોઈ પક્ષકાર મારફત, અહીં ઉલ્લેખિત કંપનીઓને ડીલિવર કરવા માટેના ઉત્પાદનના કોઈપણ ભાગની સાથે અન્ય કોઈ ઉત્પાદન/ ફળ અને તેના જેવી કોઈ વસ્તુને, કોઈપણ ત્રીજા પક્ષને વેચાણ કરી શકશે નહિં. કંપનીની સંમતિ અને ઉપસ્થિતિ સિવાય ખેડૂત દ્વારા હાથ ધરવામાં આવતી કોઈપણ લણણીને

ખેડૂત દ્વારા કરારનું ઉલ્લંઘન ગણાશે અને કંપનીએ કરારના ભંગ સામે યોગ્ય પગલાં લેવાના રહેશે.

**6.2** ખેડૂતે તેમના/ તેણીના પોતાના ખેતરમાંથી કેળાની લણણી / કાપણી માટે તેમના/ તેણીના સ્વખર્ચે મજૂરની વ્યવસ્થા કરવાની રહેશે.

**6.3** કંપનીએ કેળાના ખેતરમાંથી કેળાના ફળ/ ઝૂમખાઓને બહારની બાજુએ ખેંચવા માટે રૂ. ............... પ્રતિ કિલોગ્રામ (શ્રેણી એ+બી+સીનો જથ્થો) ના પ્રવર્તમાન નિશ્ચિત રકમ પર મજૂરોની વ્યવસ્થા કરવાની રહેશે. પ્રવર્તમાન ખેંચવાનો ખર્ચ કંપની દ્વારા ચુકવવામાં આવી શકે છે અથવા કરારની શરતો મુજબ ખેડૂત દ્વારા ભોગવવામાં આવે તેમ બની શકે છે.

**6.4** પરિવહન માટેનું વાહન ખેતરમાં ન પહોંચી શકે તેવા કિસ્સામાં, ખેડૂતે કેળાના ફળને કેળાના પેકિંગ/ પ્રોસેસિંગ પૉઇન્ટ સુધી લઈ જવાની વ્યવસ્થા કરવી પડશે, જેનો ખર્ચ કંપની દ્વારા નિભાવવામાં આવશે.

**6.5** ખેડૂતે કેળાના પ્રોસેસિંગના સમયે તેમના/ તેણીના ખેતરમાં પુરતાં પાણીની વ્યવસ્થા કરવાની રહેશે. આ માટેનો ખર્ચ કંપની દ્વારા નિભાવવાનો રહેશે.

**6.6** લણણી કરવામાં આવેલ ઉત્પાદનને જોડાણ 'ડી' માં રેખાંકિત કરવામાં આવેલ સ્પષ્ટીકરણો મુજબ ખેતર પર એ, બી, અને સી શ્રેણીઓમાં શ્રેણીબદ્ધ કરવાના રહેશે. ગ્રેડિંગ અને સોર્ટિંગના હેતુ માટેની મજૂરીનો ખર્ચ એકમાત્ર કંપની દ્વારા જ નિભાવવાનો રહેશે.

**6.7** ગુણવત્તા અને પેકેજિંગ સંબંધી કંપનીનો નિર્ણય કરારની શરતો મુજબ ત્રીજા પક્ષના નિરીક્ષણને આધીન રહે તેમ બની શકે છે.

**6.8** પરિયોજના દરમિયાન, કંપની કેળાના ફળને ખરીદવા માટે બંધાયેલી છે જે આ ખેતીકાર્ય કરાર હેઠળ ખેડૂત પાસેથી જોડાણ 'ડી'માં સ્પષ્ટ કરવામાં આવેલ ન્યૂનતમ ગુણવત્તા માપદંડોને પૂરા પાડતાં હોય.

**6.9** કંપનીએ સાપ્તાહિક કાપણીની સમય-સારણી તૈયાર કરવાના અને ડીલિવર કરવાના રહેશે અને ખેડૂતને તેની જાણ કરવાની રહેશે જે અનુસાર ખેડૂતે ખેતરથી કંપનીના પરિવહન વાહન સુધી લણણી કરાયેલ કેળાને કાપવા અને વહન કરવાની મંજૂરી આપવાની રહેશે.

## 7. કિંમત નક્કી કરવી:

**7.1** **વિકલ્પ 1:** કેળાનું ફળ, જે જોડાણ 'ડી'માં ઉલ્લેખ કરવામાં આવેલ સ્પષ્ટીકરણોને પૂરા પાડતાં હોય, કંપની દ્વારા ન્યૂનતમ ગેરંટેડ કિંમત રૂ. ............. પર પ્રાપ્ત કરવાનું રહેશે.

**વિકલ્પ 2:** કેળાનું ફળ, જે જોડાણ 'ડી'માં ઉલ્લેખ કરવામાં આવેલ સ્પષ્ટીકરણોને પૂરા પાડતાં હોય, કંપની દ્વારા પરસ્પર સંમતિ સધાયેલી કિંમત પર પ્રાપ્ત કરવાનું રહેશે, જે, જોકે ન્યૂનતમ ગેરંટેડ કિંમત કરતાં ઓછી રહેશે નહિં.

**વિકલ્પ 3:** કેળાનું ફળ, જે જોડાણ 'ડી'માં ઉલ્લેખ કરવામાં આવેલ સ્પષ્ટીકરણોને પૂરા પાડતાં હોય, તેને લણણીના સમય પર પ્રવર્તમાન બજાર કિંમત પર માન્ય રખાયેલા ભાવે કંપની દ્વારા પ્રાપ્ત કરવાના રહેશે, જે , જોકે, ન્યૂનતમ ગેરંટેડ કિંમત કરતાં ઓછાં રહેશે નહિં.

**વિકલ્પ 4:** કેળાના ફળને પ્રાપ્ત કરવાની કિંમત, જે જોડાણ 'ડી'માં ઉલ્લેખ કરવામાં આવેલ સ્પષ્ટીકરણોને પૂરા પાડતાં હોય, પરસ્પર સંમતિ સધાયેલી કિંમત અને બજારના દરમાં ઉતાર-ચઢાવમાં પરસ્પર સંમતિ સધાયેલી કિંમતની ઉપરની કિંમતને ધ્યાને લઈને ગણતરી કરવાની રહેશે. બજારના દરમાં ઉતાર-ચઢાવ (ઉપરની બાજુએ) ની ચોક્કસ મર્યાદા

સુધી પરસ્પર નક્કી કરેલી કિંમતમાં કોઇ ફેરફાર કરવાના રહેશે નહિં પરંતુ જો પ્રવર્તમાન બજારનો દર ઉતાર-ચઢાવ (ઉપરની બાજુએ) નક્કી થયેલ કિંમતથી વધુ જોવામાં આવે, તો પછી કિંમતમાં તફાવતના નિશ્ચિત ટકાવારી (પ્રવર્તમાન બજાર દર અને પરસ્પર નક્કી કરવામાં આવેલ કિંમત) ને પરસ્પર નક્કી કરેલી કિંમતમાં ઉમેરવાની રહેશે.

## 8. ચુકવણીની શરતો

**8.1** કંપની ડિલિવરીની સ્વીકૃતિ પર તરત જ ચુકવણી કરશે. ખેડૂત માટે અનન્ય વિક્રેતા કોડ બનાવવા માટે વિક્રેતા નોંધણી પૂર્ણ કરવામાં આવશે. ખેડૂતે આધાર નંબર, બેંક ખાતાની વિગતો (કોઈ રોકડ ચૂકવવામાં આવશે નહીં), જરૂરી આરટીજીએસ વિગતો સાથે આઇએફએસસી કોડ માટે રદ થયેલ ચેક, જેમાં ચુકવણી કરવાની હોય તે પ્રદાન કરવાની રહેશે.

## 9. ગોપનીયતા અને બિન-સ્પર્ધા:

**9.1** ખેડૂત આથી સ્વીકૃતિ આપે છે અને સંમત થાય છે કે કંપની આ પરિયોજનાના અમલીકરણ અને અમલબજવણી માટે જરૂરી જાણકારી અને માહિતી મેળવવા માટે કંપની નાણાંની નોંધપાત્ર રકમનું રોકાણ કરશે. તેથી, તે અનિવાર્ય છે કે ખેડૂત પરિયોજનાથી સંબંધિત કોઈપણ અને તમામ માહિતી સહિત પરંતુ કેળાના વિકાસ, પૂર્વ અને પશ્ચાત-લણણી માટેની તકનીકી તેમજ પ્રોસેસિંગ તકનીકી થી સંબંધિત અથવા તેનાં જોડાણમાં બધી જ જાણકારી અને તકનીકી માહિતી સુધી મર્યાદિત નહિં તેવી અને પક્ષકારો વચ્ચે સાધવામાં આવેલી વાણિજ્યિક સંમતિઓ ગોપનીય રાખે. ખેડૂત કંપની સાથે સંમત થયેલી શરતો મુજબ આ કરાર અનુસાર પરિયોજના કરવાના એકમાત્ર હેતુ સિવાય અન્ય કોઈપણ આવી ઉપરોક્ત માહિતી જાહેર કરશે નહીં અથવા તેનો ઉપયોગ કરશે નહીં.

**9.2** આ કરારની મુદત દરમિયાન, ખેડૂત પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે, વિશ્વના કોઈપણ ભાગમાં કંપની સાથે સ્પર્ધા કરશે નહિં અને ના તો ખેડૂત ભારતમાં અને/ અથવા વિદેશમાં કેળાના વિકાસ, પ્રોસેસિંગ અને વેચાણમાં કોઈપણ ત્રીજા પક્ષ સાથે સહકાર કરશે. સાથે જ, ખેડૂત આ કરારની મુદત પછી કોઈપણ સમય પર, તેમની પોતાની રીતે અથવા અન્ય કોઇ પક્ષકારના માધ્યમથી કંપનીના માલિકી ધરાવતી જાણકારીનો ઉપયોગ કરશે જેમ કે તેને વિશ્વમાં કોઈપણ સ્થળે કેળાના વિકાસ અને/ અથવા વેચાણ માટે આ કરાર હેઠળ જાહેર કરવામાં આવ્યું છે.

**9.3** આ કરારની મુદત દરમિયાન, ખેડૂત કંપની સિવાય અન્ય કોઇ પક્ષકારને પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે કેળાનું વેચાણ કરશે નહિં, સિવાય કે તે આવા હેતુ માટે વ્યક્ત કરવામાં આવેલ સંમત શરતો મુજબ કંપનીની પૂર્વ લેખિત સંમતિ મેળવે. લેખિત સંમતિને કંપની દ્વારા લેવામાં નહિં આવેલ કેળાના ઉત્પાદનની માત્રાની જરૂર રહેશે નહિં.

## 10. ખેડૂતોના અધિકારનું રક્ષણ.

**10.1** આ કરાર ખેડૂતની જમીન પર તેમના માલિકીના હક્ક અને કબજાને કોઈ પણ રીતે અસર કરશે નહીં.

**10.2** કંપની તેના પોતાના ખર્ચે કરારની અવધિ પૂર્ણ થવા પર ખેડૂતની જમીન પર બાંધવામાં આવેલા બધા બાંધકામો, જો કોઈ હોય તો, તેને દૂર કરશે.

**10.3** ખેડુત બળબદ્ધતાના પરિણામે પાકના નુકસાનને કારણે ડિલિવરી ન કરવાના કિસ્સામાં કંપનીને ઉત્પાદનની કોઈપણ ડિલિવરી અથવા નુકસાન માટે જવાબદાર રહેશે નહીં.

## 11. વિવાદ નિવારણ કાર્યતંત્ર

**11.1** આ કરારની બહાર અથવા તેના સંબંધમાં કોઈપણ વિવાદ, વિરોધાભાસ અથવા તફાવત ઊભો થાય છે, તો પક્ષો સૌ પ્રથમ આવા વિવાદો, વિરોધાભાસ અથવા તફાવતને સદ્ભાવ દ્વારા સમાધાનથી ઉકેલવા મેળવવાનો પ્રયત્ન કરશે.

**11.2** ત્રીસ દિવસની અવધિમાં પરસ્પર સંમતિ / સમાધાન દ્વારા વિવાદનું સમાધાન કરવામાં નિષ્ફળતા પર, ત્યાર પછી વિવાદ, વિરોધાભાસ અથવા મડાગાંઠને આખરે મૂલ્યની ખાતરી સાથે ખેડૂત (સશક્તિકરણ અને સંરક્ષણ) કરાર અને ખેત સેવાઓના વટહુકમ, 2020 (2020નો વટહુકમ 11) અએ મૂલ્ય ખાતરી અને ખેત સેવાઓ (વિવાદ નિવારણ) નિયમો, 2020 અંતર્ગત કરવામાં આવેલ ખેડૂતના કરાર મુજબ વ્યાખ્યાયિત અને નિમવામાં આવેલ અધિકૃત સત્તામંડળ દ્વારા અંતિમ મૂલ્યની ખાતરી સાથે સમાધાન કરવામાં આવશે.

## 12. પ્રકીર્ણ:

**12.1** ખેડૂત એક સ્વતંત્ર પક્ષકાર છે અને રહેશે અને આ કરાર કંપની અને ખેડૂત વચ્ચે કોઇ સંગઠન, ભાગીદારી અથવા સંયુક્ત સાહસ, મુખ્ય અને એજન્ટ અથવા નિયોક્તા અને કર્મચારીના સંબંધ માટેનો અર્થ નહિં ધરાવે.

**12.2** આ કરારને બંને પક્ષકારો દ્વારા લેખિતમાં સહી થયેલ સિવાય કોઇ ફેરફાર, સુધારો અથવા ફેરબદલ કરવામાં આવશે નહીં.

**12.3** આ કરાર, તેના જોડાણો સહિત, પક્ષકારો વચ્ચેના સમગ્ર કરારને આગળ ધપાવે છે અને આ વિષય પરના પક્ષકારો વચ્ચેના અગાઉના બધા જ કરારો, વ્યવસ્થાઓ અને સમજણ,મૌખિક અથવા લેખિતને રદ કરે છે.

**12.4** કોઈપણ પક્ષકારો તેની પૂર્વ જવાબદારીઓ અથવા અહીં આપવામાં આવેલ અધિકારોના તમામ અથવા કોઇપણ ભાગને અન્ય પક્ષકારની પૂર્વ લેખિત સંમતિ વિના સોંપશે નહીં અથવા તેને સામેલ કરશે નહીં.

**12.5** આ કરારનો અમલ બે સમકક્ષોમાં કરવામાં આવશે, જેમાંના દરેક વાસ્તવિક હશે, પરંતુ તે બધા મળીને એક સાધનની રચના કરશે.

**12.6** આ કરારમાં ઉપયોગમાં લેવાયેલા શીર્ષકનો ઉપયોગ ફક્ત અનુકૂળતા માટે કરવામાં આવે છે અને આ કરારના બંધારણ માટે અથવા અર્થઘટન કરવામાં ધ્યાનમાં લેવાના નથી.

**12.7** આ કરારની કોઈપણ શરતો અહીંના પક્ષકારો અને તેમના સંબંધિત અનુગામી અને અસાઇનો પર બંધનકર્તા અને લાભ માટે કામમાં આવશે નહિં. કોઈપણ પક્ષકાર આ કરારને અન્ય પક્ષકારની પૂર્વ લેખિત સંમતિ વિના સોંપણી કરી શકશે નહીં, સિવાય કે કોઈ પક્ષકાર (આ હેઠળ તેની જવાબદારીઓમાંથી મુક્ત થયા વિના) આ કરારને કોઇપણ તૃતીય પક્ષને સોંપી શકે છે જે તેના તમામ વ્યવસાય અથવા સંપત્તિમાં નોંધપાત્ર રીતે અનુગામી બને છે.

**12.8** જો આ કરારની કોઇપણ જોગવાઈ અમાન્ય, ગેરકાયદેસર અથવા બિનઅમલવારીકારક હશે, તો તે શક્ય તેટલી હદે સુધારવામાં આવશે, જેથી તેને માન્ય, કાયદેસર અને અમલકારક બનાવી શકાય અને પક્ષોના આશય શક્ય તેટલાં વ્યવહારિક રીતે જાળવી શકાય, અને તેની માન્યતા, કાયદેસરતા અને બાકીની જોગવાઈઓની અમલવારી કોઈ પણ રીતે અસર અથવા ક્ષતિગ્રસ્ત થશે નહીં.

**12.9** આ કરારની કોઇપણ જોગવાઈમાં કોઈ સુધારો માન્ય રહેશે નહીં સિવાય કે સુધારો લેખિતમાં હોય અને બંને પક્ષકારો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવે. આ કરારની કોઈપણ જોગવાઈની કોઇપણ માફી માન્ય રહેશે નહીં સિવાય કે માફી લેખિતમાં હોય અને માફી આપનાર પક્ષકાર દ્વારા હસ્તાક્ષર કરવામાં આવે. કોઈપણ પક્ષકાર દ્વારા આ કરારના ભંગની કોઈ પણ માફી અહીંના કોઇપણ અન્ય ઉલ્લંઘન સુધી વિસ્તૃત માનવામાં આવશે નહીં અથવા આવી કોઈ અન્ય ઘટનાના

કારણે ઉદ્ભવતા કોઇપણ હકોને અસર કરશે.

**12.10** અહીંના પક્ષકારો પર રજૂ કરવાની આવશ્યક સૂચના લેખિતમાં કરવાની રહેશે અને જો નીચે આપેલ સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ સ્વીકૃતિ દ્વારા અથવા વ્યક્તિગત રીતે વિતરિત કરવામાં આવે તો તે પર્યાપ્ત રીતે આપવાની રહેશે (સિવાય કે અન્ય પક્ષકારને લેખિતમાં જાણ કરવામાં આવી હોય):

*કંપની;-*

…………………………………….

……………………………………

…………………………………

*ખેડૂત:-*

ખેડૂતનું નામ..........................

સરનામું ........................

................. ...........

................................

**12.11** આ કરારમાં કંઈપણ સમાયેલ અને જણાવેલ હોવા છતાં, જો આ કરારની કોઇપણ અથવા તમામ જોગવાઈઓ, ખેડૂત (સશક્તિકરણ અને સંરક્ષણ), ભાવ ખાતરી અને ખેત સેવાઓ વટહુકમ, 2020 (2020 નો વટહુકમ 11) ), પરના કરારની જોગવાઈઓનું ઉલ્લંઘન થાય છે, તો કરાર અમાન્ય બનશે અને ત્યારબાદ આ કરારના વિસર્જનને લીધે થતા કોઇપણ આર્થિક બોજ કંપની દ્વારા ઉઠાવવાના રહેશે.

**જેની સાક્ષીમાં,** પક્ષકારો અહીંથી આ કરાર પર અને અહીંના એક સમકક્ષ ભાગ પર**,** તેમના સંબંધિત હાથે દિવસ અને તે પહેલાં લખેલ વર્ષ સુયોજિત અને સબસ્ક્રાઇબ કરશે.

આપવામાં આવેલ નામ "**ખેડૂત"**

દ્વારા **હસ્તાક્ષરિત અને ડીલિવર કરવામાં આવ્યું**

)

ની હાજરીમાં )

)

આપવામાં આવેલ નામ **"કંપની"**

દ્વારા **હસ્તાક્ષરિત અને ડીલિવર કરવામાં આવ્યું**

)

**વતી**

**......................................**
ની હાજરીમાં અધિકૃત
હસ્તાક્ષરકર્તા)

## **જોડાણોની યાદી :**

| | |
|---|---|
| જોડાણ એ: | ઝૂમખાઓની પસંદગી અને લણણી માટે ગ્રેડિંગ માટેની માર્ગદર્શિકાઓ |
| જોડાણ બી: | વજન અને ચુકવણી માર્ગદર્શિકાઓ |
| જોડાણ સી: | કેળાના ખેતરના મૂલ્યાંકન માટે કાર્યરત મોડેલ |
| જોડાણ ડી: | કેળાના ફળની ગુણવત્તાના માપદંડો |

### **જોડાણ એ: ઝૂમખાઓની પસંદગી અને લણણી માટે ગ્રેડિંગ માટેની માર્ગદર્શિકાઓ**

**1. સ્વીકાર્ય ઝૂમખાઓ :**

- પરસ્પર સંમતિ થયેલ માપદંડો વ્યાખ્યાયિત કરવામાં આવશે

**2. આંશિક રીતે સ્વીકાર્ય ઝૂમખાઓ :**

- પરસ્પર સંમતિ થયેલ માપદંડો વ્યાખ્યાયિત કરવામાં આવશે

**3. અસ્વીકાર કરવામાં આવેલ ઝૂમખાઓ :**

- પરસ્પર સંમતિ થયેલ માપદંડો વ્યાખ્યાયિત કરવામાં આવશે

### **જોડાણ બી B: વજન અને ચુકવણી માર્ગદર્શિકાઓ:**

**A. વજન:**

i. સ્વીકારવા યોગ્ય ઝૂમખાંને લણવામાં આવશે અને તળીયાનું ડી-હેન્ડલિંગ કરવામાં આવશે. **માત્ર પસંદ કરાયેલ હાથને બૉક્સ/ ક્રેટ્સમાં મૂકવાના રહેશે અને વજન કરવાનું રહેશે.**

ii. સંબંધિત **ચોખ્ખા વજન**ની નોંધણી ખેડૂતો સાથે હાર્વેસ્ટિંગ સુપરવાઇઝર અથવા તેમના/ તેણીના પ્રતિનિધિ કરશે.

iii. બોક્સ/ ક્રેટ્સ સાથેના લોડ કરેલા વાહનને વજન કાંટા પર ખેડૂતના પોતાના ખર્ચે વજન કરવામાં આવે તેમ બની શકે છે અને કેળાના ચોખ્ખા વજનનું પેકિંગ સામગ્રી એટલે કે બોક્સ/ક્રેટના વજનને બાદ કરીને ગણતરી કરવાની રહેશે.

**B. ચુકવણી માટેનો આધાર:**

| **ઈન્વૉઈસ આઈટમ** | **ગણતરી કરવામાં આવેલ રકમ** |
|---|---|
| (સારી ગુણવત્તા) ના ભાગરૂપે પ્રાપ્ત થયેલ કેળાં | આધાર મૂલ્ય(B1): ચોખ્ખું વજન Kg ( A+B+C) * પરસ્પર સંમત કરાયેલ બજાર કિંમત (Rs./ Kg)<br>બજાર કિંમત પરસ્પર સંમતિયુક્ત લણણી ખર્ચ બાદ કર્યા પછી નક્કી કરવાનો રહેશે એટલે કે કુલ લણણી કરાયેલા કેળા પર રૂ. __________પ્રતિ કિલોગ્રામ જથ્થો (A+B+C) |

## જોડાણ સી : કેળાના ખેતરના મૂલ્યાંકન માટેનું કાર્યરત મોડેલ :

**A. માસિક મૂલ્યાંકન અને અહેવાલો**

- પરસ્પર મૂલ્યાંકન વ્યવસ્થા વ્યાખ્યાયિત કરવામાં આવશે

**B. દર નિર્ધારણ વ્યવસ્થા**

- પરસ્પર મૂલ્યાંકન વ્યવસ્થા વ્યાખ્યાયિત કરવામાં આવશે

## જોડાણ ડી: કેળાની ગુણવત્તાના ધોરણો અને સ્પષ્ટીકરણો

**i. વર્ગ-A માટે ખામીઓની સહ્યતા**

- ખામીની વિગતો અને તેમની સહનશીલતાની મર્યાદા પરસ્પર રીતે નિર્ધારિત કરવામાં આવશે

**ii. વર્ગ- B માટે ખામીઓની સહ્યતા**

- ખામીની વિગતો અને તેમની સહનશીલતાની મર્યાદા પરસ્પર રીતે નિર્ધારિત કરવામાં આવશે

**iii. શૂન્ય સહ્યતા ખામીઓ**

- ખામીની વિગતો અને તેમની સહનશીલતાની મર્યાદા પરસ્પર રીતે નિર્ધારિત કરવામાં આવશે

**iv. ફળની વય, વ્યાસ, લંબાઈ, હાથમાં ફળોની સંખ્યા અને લણણીના તબક્કે કાર્યરત પાંદડાઓની સંખ્યા**

| | |
|---|---|
| ફળનું વય સપ્તાહ | મોસમની સ્થિતિ પર આધાર રાખે છે અને QA વિભાગ તરફથી કાપવા અંગેની સૂચના મુજબ (8 – 16 અઠવાડિયાની ભિન્નતા ધરાવે છે) |
| લણણી વખતે પાંદડાઓ | ન્યૂનતમ 5 કાર્યરત પાંદડાઓ |
| કેલિબ્રેશન | 44- 46 કેલિપર (2જા હાથની વચલી આંગળી) |
| આંગળીની લંબાઈ (ઈંચ) | પલ્પની લંબાઈ ન્યૂનતમ 7 ઈંચ |
| આંગળીઓ/ હાથની સંખ્યા | ન્યૂનતમ 12 |